eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 272
May 20, 2011



## સુરત સુધરાઈ સ્થાપનાના ૧૬૦ માં વર્ષની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૦૫/૨૦૧૧ ને રવિવારના રોજ લોકડાયરાના કાર્યક્રમનું આયોજન

સુરત સુધરાઈ સ્થાપનાના ૧૬૦ માં વર્ષની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૦૫/૨૦૧૧ ને રવિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુમાં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, કાંસાનગર, કતારગામ, સુરત ખાતે લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૧/૦૫/૨૦૧૧ ના રોજ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ

"તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" હેઠળ શાળા/શૈક્ષણિક સંસ્થાની આસપાસ તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો વિરુધ્ધ સુરત મહાનગરપાલિકા સ્ટાફ તથા પોલીસ વિભાગ ધ્વારા આજરોજ તા. ૧૧/૫/૨૦૧૧ ના રોજ તમામ ઝોનમાં ઝુંબેશ રૂપે સંયુકત અભિયાન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત સુધરાઈ સ્થાપનાના ૧૬૦ માં વર્ષની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૦૫/૨૦૧૧ ને રવિવારના રોજ લોકડાયરાના કાર્યક્રમનું આયોજન





સુરત સુધરાઈ સ્થાપનાના ૧૬૦ માં વર્ષની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૫/૦૫/૨૦૧૧ ને રવિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુમાં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, કાંસાનગર, કતારગામ, સુરત ખાતે લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકરસિંગ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાના હસ્તે કલાકારોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગ્ટય કરી શુભારંભ કરાવ્યો હતો તેમજ મ્યુ.સભ્યશ્રી યશોધરભાઈ દેસાઈ અને મ્યુ.સભ્યશ્રી ગોરધનભાઈ ગોપાણીના હસ્તે ઉપસ્થિત કલાકારોનું પુષ્પગુચ્છ ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ લોકડાયરાના કલાકારો શ્રી ભીખુદાન ગઢવી, શ્રી નાથુભાઈ ગઢવી, શ્રી ધરમભાઈ વંકાણી, શ્રી ઈન્દિરાબેન શ્રીમાળી અને શ્રી પાયલબેન વરીયાવે દેશકિત, સ્વર્ણિમ ગુજરાત, ગુજરાતની વિકાસગાથા, કવિ અને સાહિત્યકારોની પંકિતઓ, સ્વતંત્રતા ચળવળ વિગેરે ઉપર આધારિત છંદ, લોકગીત, દોહા વિગેરેની સુંદર રજુઆત કરી હતી. આ કાર્યક્રમમાં જુદી જુદી સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કલારસિક જનતા મોટી સંખ્યામાં હાજર રહી મોડી રાત સુધી ડાયરાનો રસાસ્વાદ માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી તુલસીભાઈ બલરે કર્યું હતું.




TOP

## "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" હેઠળ  સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૧/૦૫/૨૦૧૧ ના રોજ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ

"તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" હેઠળ શાળા/શૈક્ષણિક સંસ્થાની આસપાસ તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો વિરુધ્ધ સુરત મહાનગરપાલિકા સ્ટાફ તથા પોલીસ વિભાગ ધ્વારા આજરોજ તા. ૧૧/૫/૨૦૧૧ ના રોજ તમામ ઝોનમાં ઝુંબેશ રૂપે સંયુકત અભિયાન કરવામાં આવેલ.

આ કામગીરી અંતર્ગત કુલ ૨૩૬ શાળા અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસનાં ૧૦૦ મીટર વિસ્તારમાં ૫૯૯ જેટલી સંસ્થા લારી ગલ્લાની તપાસણી કરી જે પૈકી ૪૩૭ જેટલી સંસ્થામાં તમાકુ પ્રોડકટસ વેચાણ થતું જણાવેલ. જે બાબતે કુલ ૧૭૯૦૯ ગુટકા પાઉચ, ૫૯૮૧ જેટલી તમાકુ પડીકી, ૩૪૬૮ બીડી બંડલ, ૧૭૪૭ સીગારેટ પેકેજ જપ્ત કરવામાં આવેલ છે તેમજ કુલ રૂા.૧,૨૧,૬૫૦/– જેટલો દંડ વસુલવામાં આવેલ છે.આ કામગીરી અંતર્ગત ૯૫ જેટલા ઈસમોને જાહેર સ્થળોએ ધ્રુમપાન કરતા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" હેઠળ કલમ–૪ ની દંડનીય કામગીરી કરવામાં આવેલ છે.

| અ. નં. | ઝોનનું નામ | શૈક્ષણિક સંસ્થાની આસપાસ ૧૦૦ વારનાં વિસ્તારમાં | | | | | | | જાહેર સ્થળોએ ધ્રુમપાન કરતાં ઝડપાયેલ ઈસમની સંખ્યા | વસુલ લેવામાં આવેલ દંડની રકમ (રૂા.) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શાળા/ શૈક્ષણિક સંસ્થાની સંખ્યા | ચેક કરેલ સંસ્થા/ લારી ગલ્લાની સંખ્યા | તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા મળી આવેલ સંસ્થા/લારી ગલ્લાની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમાકુ પ્રોડકટસ | | | | | | |
| | | | | | ગુટકા પાઉચ | તમાકુ પડીકી | બીડી બંડલ | સીગારેટ પેકટસ | | | |
| ૧ | કતારગામ | ૩૧ | ૫૭ | ૫૭ | ૫૬૨ | ૩૫૭ | ૩૦૫ | ૧૩૭ | ૧૫ | ૮,૧૫૦ | |
| ૨ | વરાછા | ૧૨ | ૮૬ | ૮૬ | ૮૭૮ | ૩૨૮ | ૧૭૫ | ૫૩ | – | ૪૧,૧૦૦ | ૩૫૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરેલ છે. |
| ૩ | સેન્ટ્રલ | ૧૯ | ૯૧ | ૬૮ | ૧૯૫૯ | ૨૬૧ | ૧૩૭ | ૬૮ | ૫ | ૧૦,૩૦૦ | |
| ૪ | રાંદેર | ૪૨ | ૫૧ | ૨૫ | ૮૧૩ | ૨૦૪ | ૨૩ | ૯ | – | ૪,૮૦૦ | |
| ૫ | અઠવા | ૭૨ | ૧૦૮ | ૩૧ | ૩૩૭૭ | ૭૬૯ | ૩૬૯ | ૪૬૦ | – | ૧૧,૦૦૦ | |
| ૬ | લિંબાયત | ૨૩ | ૯૩ | ૯૦ | ૪૨૮૪ | ૧૦૫૪ | ૧૨૫ | ૮૨ | – | ૧૪,૪૦૦ | |
| ૭ | ઉધના | ૩૭ | ૧૧૩ | ૮૦ | ૬૦૩૬ | ૩૦૦૮ | ૨૩૩૪ | ૯૩૮ | ૭૫ | ૩૧,૯૦૦ | |
| કુલ | | ૨૩૬ | ૫૯૯ | ૪૩૭ | ૧૭૯૦૯ | ૫૯૮૧ | ૩૪૬૮ | ૧૭૪૭ | ૯૫ | ૧,૨૧,૬૫૦ | |

TOP